અપીલ અરજી નં.૧૫/૦૮–૦૯ તા. ૨૧–૪–૦૮

અરજદારઃ શ્રી યુસુફ મોહંમદભાઈ મુલતાની
સામાવાળાઃઆસી.કમિશનર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન

**હુકમઃ–**

***વિષય :–***આરટીઆઈ એકટ હેઠળ શ્રી યુસુફ મોહંમદભાઈ મુલતાની ની તા.૨૬–૨–૦૮ ની અરજીથી દુકાન નં.૩/૩૦૦૭, ૨/૫૦૫૪, ૩/૧૫૫૧ વિગેરે દુકાનોના ગુમાસ્તાધારાની પ્રમાણપત્રોની નકલોની તથા ટેના.નં.૦૨ડી–૯૧–૧૨૯૬–૦–૦૦૧ અને ૦૨ડી–૯૧–૧૨૯૭–૦–૦૦૧ના વેરાબીલની મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૨૧–૪–'૦૮ ની અપીલ અરજી ૧૫/૨૦૦૮–૦૯

શ્રી યુસુફ મોહંમદભાઈ મુલતાની ની તા.૨૬–૨–૦૮ ની અરજીથી દુકાન નં.૩/૩૦૦૭, ૨/૫૦૫૪, ૩/૧૫૫૧ વિગેરે દુકાનોના ગુમાસ્તાધારાની પ્રમાણપત્રોની નકલોની તથા ટેના.નં.૦૨ડી–૯૧–૧૨૯૬–૦–૦૦૧ અને ૦૨ડી–૯૧–૧૨૯૭–૦–૦૦૧ના વેરાબીલની મુદ્દા નં.૧ થી ૪ની માહિતી આપવા બાબતે આસી.કમિશનર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનના પત્ર નં.એસએન્ડઈ/સે.ઝોન/જા./૩૦૯ તા.૨૪–૩–૦૮ થી જેમાં સંસ્થાના માલિકને બીજી નકલ કાઢી આપવા જણાવેલ છે. જેથી નોંધણી પ્રમાણપત્રની નકલ માલિક સિવાય કોઈ વ્યકિતને આપી શકાય નહી એમ જણાવવામાં આવેલ. જેનાથી નારાજ થઈને અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૨૧–૪ –૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પુરક માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૮ તા.૨૪–૪–૦૮ ના રોજ પાઠવવામાં આવેલ. જેના અનુંસંધાનમાં રાઈટ ટુ ઈન્ફરમેશન સેન્ટ્રલ ઝોન આ.નં.૧૩૦ તા.૩–૫–૦૮ થી અત્રેના વિભાગને માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

અરજદારે માહિતી અધિકારના નિયમ હેઠળ દુકાન નં.૩/૩૦૦૭ ના ગુમાસ્તાના બે લાયસન્સ તેમજ ૩/૧૫૫૧ અને ૨/૫૦૫૪ ના ગુમાસ્તાના લાયસન્સ તેમજ ટેના.નં. ૦૨ડી–૯૧–૧૨૯૬–૦–૦૦૧ અને ૦૨ડી–૯૧–૧૨૯૭–૦–૦૦૧ ના વેરાબીલોની નકલની માંગણી કરેલ છે. જેના અનુંસંધાને અરજદારને નં.એસ.એન્ડ.ઈ/સે.ઝોન/જાવક નં.૩૦૯ હેઠળ જવાબ પાઠવવામાં આવે છે. જેમાં અરજદારે ગુમાસ્તા લાયસન્સની મુળ નકલો ગુમાસ્તાધારા અને નોંધણી નિયમો–૧૯૬૩ ના નિયમ–૯ મુજબ નિયમ–૬ અને ૮ માં જણાવ્યા મુજબ બીજી નકલ મેળવવા જરૂરી ફી ભરી મેળવવાની રહે છે. જે સંસ્થાના માલિકને બીજી નકલ કાઢી આપવા જણાવેલ છે. તે સિવાય અન્ય કોઈ વ્યકિતને આપી શકાય નહી તેવું જણાવે છે.

અરજદારને આપલી માહિતી અને ઈન્કારનો પત્ર ધ્યાને લેતાં અરજદારે ત્રાહિતના પ્રમાણપત્રો અને વેરાબીલની નકલ માંગેલ જણાય છે માત્ર માહિતી નહી.જાહેર માહિતી અધિકારી કક્ષાએથી કલમ–૧૧ હેઠળની કોઈ પ્રક્રિયા હાથ ધરાયેલ નથી તેમજ માહિતીના ઈન્કાર માટે કલમ–૮ પૈકીના કોઈ અપવાદ જણાવેલ નથી.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

આરટીઆઈ સેકટની કલમ–૨૨ માહિતી ઉપલબ્ધ કરાવવા સંબંધમાં અન્ય કાયદા ઉપર પ્રભુત્વ ધરાવે છે. તે ધ્યાને લેતાં કલમ–૧૧ હેઠળની પ્રક્રિયાને અનુસરી ઉપલબ્ધ દફતરે માહિતી જાહેર માહિતી અધિકારી આપી શકે.

પ્રસ્તુત કિસ્સામાં અપીલના તબકકે અરજદારે લાયસન્સ અથવા તેની માહિતી માંગેલ છે હકીકત ધ્યાને લેતાં જરૂર જણાય તો આરટીઆઈ એકટની કલમ–૧૧ સહિતના કાયદા અને નિયમોની જોગવાઈ અનુસારી અરજદારને લાયસન્સ તેમજ વેરાબીલ અંગેની મુળ અરજીથી માંગેલ માહિતી અત્રેના જાણ હેઠળ દિન–૭ માં પુરી પાડવા આસી.કમિશનર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૫ –૦૮.

ડે.***કમિશનર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) આસી.કમિશનર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી યુસુફ મોહંમદભાઈ મુલતાની,